બારડોલી-કડોદ રોડની એક લેન બંધ, લોકો હેરાન

પાણી પુરવઠા વિભાગની પાણીની લાઇન માટે કરેલા ખોદકામની કામગીરી પૂર્ણ થયાને મહિનાઓ વીતી ગયા છતાં રોડનું નવીનીકરણ શરૂ ન થતાં વાહનચાલકો પણ હેરાન

બારડોલીઃ બારડોલીના કડોદ રોડ પર પાણી પુરવઠા વિભાગ દ્વારા પાઇપલાઇન નાંખવાની કામગીરીને કારણે ધામડોદ ગામની સીમમાં મહિનાઓથી એક લેન બંધ છે. હાલ કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં માર્ગ-મકાન વિભાગ દ્વારા રસ્તો બનાવવાની કામગીરી શરૂ નહીં કરાતાં વાહનચાલકો ઉપરાંત સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ધામડોદની અલ્પલાઇન સોસાયટીથી શિવાજી પૂતળા સુધીના માર્ગ પર ખોદકામ પૂર્ણ થયા બાદ પણ એક લેન હજુ સુધી બંધ રાખવામાં આવી છે. જેના કારણે ટ્રાફિક જામ અને અકસ્માતોનું જોખમ વધી ગયું છે. રોજબરોજ અકસ્માતોની સંખ્યા પણ વધી ગઈ છે.

ચોમાસા પહેલા શરૂ થયેલી પાઇપલાઇનની કામગીરી દિવાળી પછી પણ ચાલુ રહેતા વેપારીઓ અને રહીશો ત્રાસી ગયા છે. મહિનાઓથી એક તરફનો રસ્તો બંધ છે. રોજના હજારો નાના મોટા અને ભારે વાહનો અહીંથી પસાર થાય છે. બારડોલીથી કડોદ અને માંડવીને જોડતો રોડ હોવાથી અહી વાહનોની સતત અવરજવર રહે છે અને રેલવે ફાટક નજીક વારંવાર ટ્રાફિક જામ થવો એ સામાન્ય બાબત બની ગઈ છે. આજુબાજુ 50થી વધુ સોસાયટીઓ તેમજ સેંકડો દુકાનો આવેલી હોવાથી સ્થાનિકોને પણ અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. દુકાનદારોના ધંધા પર પણ રોડ બંધ રહેવાથી અસર પડી રહી છે. માર્ગ-મકાન વિભાગ અને પાણી પુરવઠા વિભાગને અનેક રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

પાઇપલાઇન નાંખ્યા બાદ રસ્તા પર માટી પુરાણ કરવામાં આવ્યું છે. જેના કારણે વાહનોની અવરજવરથી ધૂળની ડમરીઓ ઊડી રહી છે.

આ ધૂળના કારણે વાહનચાલકો અને આસપાસની સોસાયટીના રહીશોના આરોગ્ય પર ખરાબ અસર પડી રહી છે. વધુમાં રસ્તા પર રખડતાં ઢોરની સમસ્યા પણ ટ્રાફિકને વધુ અવરોધે છે. સ્થાનિકો દ્વારા વહેલી તકે રસ્તાનું સમારકામ કરી બીજો ટ્રેક શરૂ કરવાની માંગ કરવામાં આવી રહી છે, જેથી લોકોને રાહત મળી શકે. આર.ટી.ઓ. નજીક પણ આવી સ્થિતિ હોય લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ઠેર ઠેર ખોદકામને કારણે ચોમાસામાં પણ મુશ્કેલી પડે તેવી સંભાવના સેવાઇ રહી છે. લોકોને પડી રહેલી મુશ્કેલી છતાં બારડોલી માર્ગ મકાન વિભાગ ગાઢ નિદ્રામાં પોઢી રહ્યું છે.

મજૂર ન હોવાથી કામ અટક્યું હતું: દીપલ ચૌધરી

બારડોલી માર્ગ મકાન વિભાગના ઇજનેર દીપલ ચૌધરીએ જણાવ્યું હતું કે, મજૂર ન હોવાથી કામ અટક્યું હતું. આજે મજૂર આવી ગયા છે. આવતીકાલથી રોડ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

રાજપીપળામાં જમીનના ખોટા દસ્તાવેજ ઊભા કરનારા ભાઈ સામે ભાઈની ફરિયાદ

રાજપીપળાઃ રાજપીપળા ખાતે આવેલી વડીલોપાર્જિત ખેતીની જમીનના ખોટા દસ્તાવેજ ઊભા કરનાર ભાઈ વિરુદ્ધ બીજા ભાઈએ ફરિયાદ આપતાં ગુનો દાખલ થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપળાના વતની અને હાલ વડોદરા રહેતા નીતિનકુમાર મનહરલાલ પાઠકે આપેલી ફરિયાદ મુજબ તેમના ભાઈ હરનિશભાઈ મનહરલાલ પાઠકે તેમની જાણ બહાર માતા પદ્માબેનના અવસાન બાદ માતાનું નામ તેમના તથા ભાઈના નામે રાજપીપળાની વડીલોપાર્જીત ખેતીની જમીનમાં હક કમીની હકપત્રકે નોંધ દાખલ કરવા અરજી કરી કસ્બા તલાટી રાજપીપળા રૂબરૂ તા.૧૮/૩/૨૦૧૭ના રોજ હક કમીના જવાબમાં તથા તા.૨૭/૧૨/૨૦૧૭ના રોજ તેમને બજેલી જમીન મહેસૂલની નોટિસમાં તેમની ખોટી સહી કરી અને ખોટો દસ્તાવેજ તૈયાર કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી ગુનો કરતાં રાજપીપળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં માર્ગને નડતરરૂપ ચાર ધાર્મિક સ્થાનો હટાવાયાં

ચાંપતો પોલીસ બંદોબસ્ત તૈનાત કરાતાં કોઈ અનિચ્છનીય બનાવ ન બન્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં વિસ્તૃતીકરણમાં તેમજ ટ્રાફિકમાં અડચણરૂપ ચાર ધાર્મિક સ્થળો હટાવવામાં આવ્યાં હતાં. આ કામગીરી દરમિયાન તંત્ર દ્વારા ચાંપતો પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. કામગીરી દરમિયાન એકેય અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

અંકલેશ્વરમાં હાલ માર્ગોના વિસ્તૃતીકરણની કામગીરી ચાલી રહી છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્ય માર્ગને અડીને આવેલા તેમજ નવીનીકરણની કામગીરીમાં નડતરરૂપ એવાં ચાર જેટલાં ધાર્મિક સ્થાનોને દૂર કરવાની કામગીરી ગત મોડી રાત્રે કરાઈ હતી, જેમાં ત્રણ દરગાહ તેમજ એક મંદિરની ડેરીનો સમાવેશ થયો હતો. આ સ્થળોમાં સુરવાડી બ્રિજથી ચૌટાનાકાને જોડતા રોડ પર આવેલી ત્રણ કબર તેમજ સારંગપુરના મીરાનગરમાં આવેલું એક મંદિર હટાવવામાં આવ્યું હતું.

ધાર્મિક દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શાંતિપૂર્ણ માહોલમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. મીરાનગર ખાતેથી હટાવવામાં આવેલી રામદેવપીરના મંદિરની મૂર્તિઓનું અન્ય મંદિરમાં સ્થાપન કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન અંકલેશ્વરના પ્રાંત અધિકારી, મામલતદાર સહિત માર્ગ અને મકાન ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માંડવીના કાકરાપાર ગામમાં ભૂસ્તર વિભાગની રેતી માફિયાઓ સામે કાર્યવાહી

બે જેસીબી મશીન, એક ટ્રક સહિત રૂ.50 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના કાકરાપારમાં સુરત ભૂસ્તર વિભાગને રેતીચોરીની બાતમી મળતાં રોયલ્ટી ઇન્સ્પેક્ટરે સરપ્રાઈઝ ચેકિંગ કરતાં બે જેસીબી મશીન તથા એક ટ્રક મળી કુલ રૂ.50 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરતાં રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ માંડવીના કાકરાપાર ગામે મોટા પ્રમાણમાં રેતીખનન પ્રવૃત્તિ ઘણા સમયથી ધમધમતી હતી. જે અંગેની બાતમી સુરત ભૂસ્તર વિભાગના અધિકારીને મળતાં તેમની સૂચના અનુસાર રોયલ્ટી ઇસ્પેક્ટર સહિતનો કાફલો માંડવીના કાકરાપાર ગામે તાપી કિનારે સરપ્રાઈઝ ચેકિંગ માટે પહોંચતાં અફરાતફરી મચી ગઈ હતી. જ્યાં સ્થળ પરથી પરમિટ વગરનાં બે જેસીબી મશીન નં.(GJ-05-CE-8958) તથા બીજું મશીન નં.(GJ-06- VV-9927) બંનેના માલિક ગિરીશભાઈ ફિરકાભાઈ ચૌધરી, પ્રીતેશભાઈ ભીમસિંગ ચૌધરી તથા એક ટ્રક નં.(GJ-05 -YY- 6247) હિરલ રાકેશ ચૌધરીનો કુલ મુદ્દામાલ રૂ.50 લાખ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. આ બનાવથી રેતી-માટીખનન પ્રવૃત્તિ કરનારા માફિયાઓમાં ફફડાટ ફેલાવા સાથે ભૂગર્ભમાં ઊતરી ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય એ છે કે, માંડવી તાલુકામાં રેતી-માટીખનન પ્રવૃત્તિ કેટલો સમય બંધ રહેશે એ જોવાનું રહેશે. રેતી-માટીખનન પ્રવૃત્તિ બલાલતીર્થ, કાકરાપાર, મગતરા, બૌધાન, કોસાડી, ખેડપુર, પુના, વાઘનેરા, મોરીઠા, સાલૈયા, ઘંટોલી, અરેઠ જેવાં અન્ય ગામોમાં મોટા પ્રમાણમાં ધમધમે છે. જે બાબતે સુરત ભૂસ્તર વિભાગ આંખ લાલ કરે તો સરકારને રોયલ્ટીનું થતું નુકસાન અટકી શકે તેમ છે.

પાનોલીમાં જલ એક્વા કંપનીના યુનિટમાં આગમાં કામદાર જીવતો ભુંજાયો

નાઈટ શિફ્ટમાં 44 કર્મચારી કામ કરી રહ્યા હતા, ગોડાઉનમાં સૂઈ ગયેલો શ્રમિક આગમાં સળગી ગયો

ભરૂચ, અંકલેશ્વરઃ પાનોલી GIDCમાં સોમવારે સવારે જલ એક્વા કંપનીના કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં ભીષણ આગ લાગતાં એક વ્યક્તિનું મોત થયું હતું. આગ પડોશી બીઆર એગ્રો યુનિટને પણ અસર થઈ હતી.આ ઘટનાને લઈ 20 ફાયર ફાઇટર ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આગથી પ્રભાવિત બંને યુનિટના કર્મચારીઓ અને મજૂરોને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. સોમવારે સવારે 7.30 વાગ્યે આગ લાગી હતી અને બપોરે 12.30 વાગ્યે તેને કાબૂમાં આવી ગઈ હતી. જલ એક્વા કંપનીમાં નાઇટ શિફ્ટમાં 44 કર્મચારીઓ અને મજૂરો કામ કરતા હતા, જેમાં એક કામદાર સિવાય બધાને બહાર કઢાયા હતા. એક કામદાર જીવતો સળગી ગયો હતો. ગોડાઉનમાં સૂતેલો બિહારના વતની અવનીશ યાદવ (ઉં.વ.25)નો સળગી ગયેલો મૃતદેહ પાછળથી બહાર કઢાયો હતો.

કંપનીને ડિશ દ્વારા નોટિસ ફટકારાઈ

ડેપ્યુટી ડાયરેક્ટર સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ(ડીશ) જાગૃતિબેન ચૌહાણે જણાવ્યું હતું કે જળ એક્વાના વેરહાઉસમાં પાણીને શુદ્ધ કરવા કેલ્શિયમ હાઇપોક્લોરાઇડ કેમિકલનાં ડ્રમ હતા. સ્વીચ બોર્ડમાં શોર્ટ સર્કિટથી તણખાં થતાં એક ડ્રમમાં ધડાકો થયો હતો. જે માટે હાલ નોટિસ આપી છે.

રાજપીપળા નગરપાલિકા વોર્ડ નં.5ના ભાજપી સભ્યનું રાજીનામું

રાજપીપળાઃ રાજપીપળા નગરપાલિકા વોર્ડ નં.5ના ભાજપી સભ્ય પ્રજ્ઞેશ રામીએ પાલિકા સભ્ય પદેથી રાજીનામું આપી દેતાં ભાજપ છાવણીમાં ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપળા નગરપાલિકામાં ભાજપનું શાસન છે અને પાલિકામાં અવારનવાર વિવાદ થયા કરે છે. ત્યારે મંગળવારે વોર્ડ નં.5ના ચુંટાયેલા સભ્ય પ્રજ્ઞેશ રમીએ પાલિકા સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. તેમના જણાવ્યા મુજબ તેમની કામ કરવાની પદ્ધતિથી ભાજપને નુકસાન થાય તેમ હોવાથી રાજીનામું આપ્યું છે.

'મહેશ વસાવા સાત જન્મ લે તો પણ ભાજપ અને RSSને ખતમ ન કરી શકે': મનસુખ વસાવા

મહેશ વસાવાના રાજીનામાને પગલે બે પક્ષે સામસામે પ્રતિક્રિયા આપી

ભરૂચઃ સોમવારે પૂર્વ ધારાસભ્ય છોટુ વસાવાના દીકરા મહેશ વસાવાએ ભાજપમાંથી રાજીનામું ધરી દેતાં સામસામે પ્રતિક્રિયા આવી છે. આ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પ્રતિક્રિયા આપી છે કે, મહેશ વસાવાનું પાર્ટી છોડવું તે ઉતાવળિયું પગલું છે.

મનસુખ વસાવાએ મહેશ વસાવાના રાજીનામા અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, મહેશ વસાવા ભાજપમાં જોડાયા તેનું એક વર્ષ થયું. ભાજપમાં જોડાતા પહેલાં તેમણે દરેક મોટા નેતાઓ સાથે પરામર્શ કર્યું હતું અને અમારી વિચારધારાની સ્પષ્ટતા કરી હતી. અમે એક વર્ષ સાથે કામ પણ કર્યું હતું. પાર્ટી સંગઠનની બેઠકમાં પણ તેમને બોલાવતા હતા, ઘણી બેઠકમાં તે આવતા ઘણી બેઠકમાં ન આવતા. પરંતુ પાર્ટી છોડવી તે તેમનું ઉતાવળિયું પગલું છે. તેમની નારાજગી બેઠકની નહીં પરંતુ કંઈક બીજી જ છે.

આ સિવાય મનસુખ વસાવાએ મહેશ વસાવાની સોશિયલ મીડિયાની પોસ્ટનો જવાબ આપતા જણાવ્યું હતું કે, 'મહેશ વસાવા સાત જન્મ લે તો પણ ભાજપ અને RSSને ખતમ ન કરી શકે. એમણે અમને લોકસભાની ચૂંટણીમાં મદદ કરી હતી. પરંતુ મહેશ વસાવા અને ભાજપની વિચારધારા મેળ નહોતી ખાતી એ સ્પષ્ટ વાત છે. દેશ અને ગુજરાતમાં જે પણ બીજી પાર્ટીઓમાંથી ભાજપમાં આવે છે, તે પોતાના સ્વાર્થ માટે જ આવે છે. પરંતુ જ્યારે ભાજપની વિચારધારા સાથે જોડવાની વાત આવે તો તેમને ખૂબ તકલીફ પડે છે.

ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ પણ રાજીનામાં અંગે જણાવ્યું હતું કે, ભાજપના રાજમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું છે. તાજમહેલ નિહાળવા જેટલા લોકો નથી જતાં એનાથી વધુ લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા જાય છે, એ જ ભાજપનો વિકાસ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહેશ વસાવાએ ભાજપ સાથે છેડો ફાડ્યા બાદ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી કે, 'ડો.ભીમરાવ આંબેડકર જન્મદિન પર કોટી કોટી સલામ. ભારતનું પવિત્ર બંધારણ લખનારા ભારતરત્ન નહીં, પરંતુ ભારતનું અનમોલ રત્ન માનવું જોઈએ.

પરંતુ હાલ હું ભારત બંધારણથી ચાલતું નથી દેખાતું. હું ભારતની જનતાને જણાવવા ઈચ્છું છે કે, દલિત, ઓબીસી, મુસ્લિમ, ઈસાઈ, શીખ અન્ય ગરીબ અને પછાત વર્ગ અમારી સાથે ચાલશે અને RSS અને ભાજપની વિચારધારાને ખતમ કરીશું. આગળ ખૂબ લડવાનું છે અને આપણે લડીશું.'

બારડોલીમાં ચપ્પુ સાથે બે ઇસમ ઝડપાયા

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસે બે અલગ અલગ કેસમાં ચપ્પુ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે.

હાલ રાજ્યમાં વધી રહેલી ગુનાખોરીને ડામવા માટે હથિયારો સાથે રખડતા લોકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે બારડોલી ટાઉન પોલીસની એક ટીમ ગતરોજ બાબેન ગામની સીમમાં મોતા રોડ પર પેટ્રોલિંગમાં હતી. એ સમયે જોગણી માતા મંદિર પાસે એક શંકાસ્પદ ઈસમ આવતાં તેની તલાશી લેતાં તેની પાસેથી ચપ્પુ મળી આવ્યું હતું. પોલીસે રાજુભાઈ દોલતભાઈ વસાઇકર (ઉં.વ.30) (રહે., સંજયનગર, કાલી બસ્તી, બાબેન, તા. બારડોલી)ની અટકાયત કરી હતી. જ્યારે અન્ય એક બારડોલીના તલાવડી વિસ્તારમાં રંગ ઉપવનની પાછળથી લાલચંદ નાગુભાઈ ગાયકવાડ (ઉં.વ.35) (રહે., રંગઉપવનની પાછળ, બારડોલી)ની ધરપકડ કરી હતી. પોલીસે બંને વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વરમાં ટેન્કરમાંથી ડ્રાઈવરનો મૃતદેહ મળી આવવાની ઘટનામાં હત્યાનો ખુલાસો

લૂંટના ઈરાદે હત્યા થઈ હોવાનું પોલીસનું અનુમાન

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં.48 પર ટેન્કરમાંથી ડ્રાઈવરના મળેલા મૃતદેહના મામલામાં પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. લૂંટના ઈરાદે ટેન્કર ચાલકની હત્યા કરવામાં આવી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં.48 પર યુપીએલ કંપની નજીક ઊભેલા ટેન્કરની કેબિનમાંથી ચાલકનો જ મૃતદેહ મળી આવ્યો હતો.

આ અંગેની જાણ થતાની સાથે જ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ તેમજ ભરૂચ ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

જેમાં મૃતદેહ પરથી ઈજાનાં નિશાન મળી આવ્યાં હતાં. તો બીજી તરફ ડ્રાઈવરનું લાઈસન્સ સહિતના દસ્તાવેજો થોડે દૂરથી મળી આવ્યા હતા. આ મામલામાં પોલીસે એફએસએલ અને ડોગ સ્ક્વોડની મદદ લેતાં ટેન્કર ચાલક અને મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી ૪૨ વર્ષીય હોરીલાલ યાદવની હત્યા થઈ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે બી ડિવિઝન પોલીસે આ મામલે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. ટેન્કર ચાલકની લૂંટના ઈરાદે તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરવામાં આવી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૪ કલાક કરતાં વધુ સમયથી ટેન્કર એક જ જગ્યાએ ઊભું રહેતાં લોકોને શંકા ગઈ હતી. ત્યારબાદ પોલીસને જાણ કરતાં હત્યા અંગેનો ઘટસ્ફોટ થયો છે.

સંક્ષિપ્ત સમાચાર

ઇલાવની RK વકીલ હાઈસ્કૂલનું રંગરોગાન

ભરૂચઃ હાંસોટના ઇલાવની આદર્શ કેળવણી મંડળ સંચાલિત આર.કે. વકીલ હાઈસ્કૂલમાં શાળા સુશોભન અને સીસીટીવી કેમેરાનું જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીને હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. નેરોલેક કંપની (સાયખા) દ્વારા તેમની સામાજિક જવાબદારીના ભાગરૂપે રૂ. 7 લાખના ખર્ચે રંગોરોગાન કરીને શાળાને આકર્ષક બનાવાઈ છે. તેમજ મંડળના પૂર્વ પ્રમુખ સ્વર્ગીય સી.કે.પટેલના સ્મરણાર્થે સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા છે. આ પ્રસંગે નેરોલેક કંપનીના યુનિટ હેડ રાજેશભાઈ પટેલ, આદર્શ મંડળના પ્રમુખ તુષાર પટેલ, હાંસોટ તાલુકા ભાજપના પ્રમુખ અનંત પટેલ, પૂર્વ કારોબારી ચેરમેન જયેશ પટેલ, આર.કે.વકીલ હાઈસ્કૂલના આચાર્ય ધર્મેશ જોશી, પ્રાથમિક વિભાગના આચાર્ય જિગ્નેશ પટેલ તેમજ મંડળના હોદ્દેદારો અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

ગુજરાત સરકારના પ્રસ્તાવિત યુનિફોર્મ સિવિલ કોડ સામે પલસાણામાં ઉગ્ર વિરોધ


ઈલ્યાસ શેખ

પલસાણાઃ જમિયત ઉલેમા-એ-હિન્દના પલસાણા એકમ દ્વારા ગુજરાત રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (Uniform Civil Code - UCC) લાગુ કરવાના પ્રસ્તાવનો સખત વિરોધ કરવામાં આવ્યો છે. સંસ્થાએ યુસીસી સમિતિના અધ્યક્ષ રંજના દેસાઇને પત્ર લખી આ અંગે પોતાની ચિંતાઓ અને વાંધાઓ વ્યક્ત કર્યા છે.જેમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત સરકાર દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ લાવવાની જે કાર્યવાહી ચાલી રહી છે, તે માત્ર ગેરબંધારણીય જ નહીં પરંતુ સામાજિક સમરસતા અને દેશના એકતા માટે પણ નુકસાનકારક છે. જમિયત ઉલેમા ગુજરાતનું માનવું છે કે, આ પ્રકારનો કાયદો દેશના બંધારણમાં આપવામાં આવેલા ધાર્મિક સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. સંસ્થાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, તેઓ કાયદાના નિષ્ણાતો અને બંધારણના જાણકારો સાથે ચર્ચા વિચારણા કરીને પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. તેમનું માનવું છે કે, વિવિધ ધર્મો અને પરંપરાઓ ધરાવતા આપણા દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાથી અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થશે અને તેનાથી સામાજિક સૌહાર્દ પણ જોખમાશે.

બારખાડીમાં ઝેરી દવા પી વૃદ્ધનો આપઘાત

રાજપીપળાઃ રાજપીપળા નજીક બારખાડી ગામના 60 વર્ષના શાંતિલાલ રતનલાલ વસાવાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેને સારવાર અર્થે ગરુડેશ્વર હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

ભરૂચના ચાવજ વિસ્તારમાં બે રીઢા ચોર ઝડપાયા, છ ગુનાનો ભેદ ઉકેલાયો

ભરૂચઃ ભરૂચના ચાવજ વિસ્તારમાં થયેલી શ્રેણીબદ્ધ ચોરીઓનો ભેદ સી ડિવિઝન પોલીસે ઉકેલ્યો છે. પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે અને કુલ 6 ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.અગાઉ ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલો ઉમેશ દયાળભાઈ બગડીયા (રહે., નવા કાસિયા, ટેકરા ફળિયું, તા.અંકલેશ્વર) ચોરી કરેલા ઈલેક્ટ્રિક વાયર સાથે બાઈક લઈને ચાવજથી ઝાડેશ્વર ચોકડી તરફ આવી રહ્યો હોવાની બાતી મળતાં પોલીસે તેને ઝડપી લીધો હતો. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે 10મી એપ્રિલે તેણે અને નવલ ઉર્ફે કાળીયો ચંદુભાઈ ભાભોરે (રહે., મંગલમૂર્તિ સોસાયટી પાસેની ઝુપડપટ્ટીમાં, અંકલેશ્વર)એ વૃંદાવનવિલા સોસાયટીના એક બંધ મકાનમાં પ્રવેશ કરી ઈલેક્ટ્રિક વાયરના 20 બંડલની ચોરી કરી હતી. આરોપીઓએ ચાવજની વિવિધ સોસાયટીઓમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાનો પોલીસ સમક્ષ ઘટસ્ફોટ કર્યો હતો. વધુમાં, તેમણે અંકલેશ્વર જીઆઈડીસી અને ભરૂચ શ્રવણ ચોકડી પાસેથી બાઈકની ચોરી કરી હોવાનું પણ કબૂલ્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી ઈલેક્ટ્રિક વાયર, સોના-ચાંદીના દાગીના અને ચોરીની બાઈક સહિત કુલ રૂ.4,13,857 મત્તાના 13 જેટલા મુદ્દામાલ કબજે કર્યો હતો. બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જંબુસર અને આમોદમાં ભૂગર્ભમાં નાંખવામાં આવતા કેબલની ચોરી કરનારો ઝડપાયો

ભરૂચઃભરૂચ LCBના PI એમ.પી.વાળા અને PSI ડી.એ.તુવર અને ટીમે માહિતીના આધારે મહેસાણામાં રેડ પાડી હતી. પોલીસે વશીમ ઈબ્રાહીમ અલ્લારખા બાદશાહ (રહે.,બીલાલ પાર્ક સોસાયટી, કસ્બા રોડ, મહેસાણા)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ગુનામાં વપરાયેલી મારુતિ ઈકો કાર કિં.રૂ. 3.50 લાખ અને મોબાઈલ ફોન કિં.રૂ.5000 મળી કુલ કિં.રૂ.3,55,000નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તે યાકુબ, કાદર અને અન્ય ચાર સાગરીતો સાથે મહેસાણાથી બે મારુતિ કારમાં જંબુસર પંથકમાં આવીને ONGCની સાઇટ પરથી કેબલ વાયર, CX મશીનો અને અન્ય સામાન ચોરતા હતા. ચોરીનો માલ મહેસાણા લઈ જઈને કાદર નામના વ્યક્તિને વેચવામાં આવતો હતો. પકડાયેલા આરોપીને આમોદ પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યો હતો. યાકુબ અને કાદર સહિત ચાર સાગરીતોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ભરૂચના ધોળીકુઈમાં પૈસા માંગતાં દુકાનદારને ધમકાવી દુકાનમાં તોડફોડ

ભરૂચઃ ભરૂચ શહેરના ધોળીકુઈ વિસ્તારમાં રહેતા સંદીપભાઈ રમેશભાઈ ઘીવાલા નામના શખ્સે જનરલ સ્ટોર ચલાવતા વેપારી પર પૈસા માંગવા બદલ હુમલો કર્યો અને દારૂના નશામાં પોલીસ સામે પણ બોલતાં પોલીસે તેને દબોચી અંદર કરી દીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના ધોળીકુઇ વિસ્તારામાં પાનની દુકાન ચલાવતા જેનીશ ઈન્દ્રવદન તમાકુવાલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, સંદીપ રમેશભાઈ ઘીવાલા તેમની પાનની દુકાનમાંથી બળજબરીથી સામાન લઈ જાય છે અને પૈસા માંગતા ગાળો આપી ધંધોબંધ કરાવી દેવાની ધમકી આપતો રહેતો હતો. તા. 14 એપ્રિલના રોજ રાતે અંદાજે નવેક વાગે તે દુકાન પર આવ્યો હતો અને સોડાની બોટલ તથા લસ્સી લીધા બાદ, જ્યારે તેના પૈસા માંગ્યા ત્યારે સંદીપ એકદમ ઉશ્કેરાઇ ગયો હતો અને તેણે દુકાનદારના પિતાના માથામાં સોડાની બોટલનું દ્રવ્ય રેડી દીધું હતું તથા દુકાનદારના ભત્રીજાને તમાચો મારી દીધો હતો. દુકાનદાર સાથે ઝપાઝપી કરીને ઢીકાપાટુનો માર પણ માર્યો હતો. દુકાનદારની પત્નીએ પોલીસને ફોન કરતાં ઘટના સ્થળે એ-ડિવિઝન પોલીસ પહોંચી ગઈ હતી. પોલીસ કોન્સ્ટેબલ કાનાભાઈ ભીમાભાઈ તથા અન્ય પોલીસ જવાનોએ સ્થળ પર પહોંચી જોયું તો સંદીપ ખુલ્લેઆમ દુકાનવાળાઓને ધમકી આપી હતો કે "જો તેના પર કેસ કરશો તો તેમને રોજ માર મારશે અને જાનથી મારી નાંખશે." જેથી તેને પકડતાં તે દારૂના ચિક્કાર નશામાં પોલીસ સામે પણ બકવાસ કરવા લાગ્યો હતો. જેથી પોલીસે સંદીપ ઘીવાલાની ધરપકડ કરી પોલીસ કોન્સ્ટેબલે પણ તેના વિરુદ્ધ પ્રોહિબિશન અંગેની ફરિયાદ નોંધી જેલ હવાલે કર્યો હતો.